



શિક્ષણ સેવા સંરક્ષણ

સ્થાપક : સ્વ. શાંતિભાઈ ચોખડિયા
તંત્રી : વિરેન શાં. ચોખડિયા
લવાજમ : વાર્ષિક રૂ. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૯ અંક : ૫
ડીસેમ્બર – ૨૦૧૨

## ઝીંદગી...

એક જ દર્પણનાં બદલાતાં–
પ્રતિબિંબો જોયા કરૂં...
આ શું રહયું છે થઈ –
ખુદને ખુદ પૂછયા કરૂં!
રોજ નીત–નવાં ડાયરીનાં પાના–
એમાં હસ્યા કે રોયા કરૂં...
નવા સમીકરણે આયખું વીતે–
શું સાચવુંને શું ખોયા કરૂં!
આજ કેરી સપાટી પર દોડવું–
ભૂતનો ભાર ઉતાર્યા કરૂં...
શ્વાસને તાંતણે લટકે ઝીંદગી–
માંડયું હશે તેટલું લટકયા કરૂં...

–જસમીનભાઈ જે. દેસાઈ, રાજકોટ.


બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...
બરછી કાર્યાલય C/o. ક્રાઉન આર્ટ પ્રિન્ટરી, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, કોટેચાનગર મેઈન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

## અ. ભા. નાગર પરિષદ, જુનાગઢ

તા.૪-૮-૨૦૧૨ ના રોજ અ.ભા. ના. પરિષદની વાર્ષિક સામાન્ય સભા અનંત ધર્માલય ખાતે રાખવામાં આવેલ. જેમાં નવા હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી જેમાં પ્રમુખશ્રી સુ.શ્રી પૂર્ણિમાબેન માંકડ, ઉપપ્રમુખશ્રી ધનંજય બુચ (ધીમુભાઈ બુચ), મંત્રીશ્રી સુ.શ્રી ભાવનાબેન વૈષ્ણવ, સહમંત્રીશ્રી શ્રી જયેન્દ્રભાઈ વસાવડા, ખજાનચી શ્રી જીતેન્દ્રભાઈ ઝાલા, સહ ખજાનચી શ્રી કૌશિકભાઈ નાણાવટી તથા સલાહકાર સમિતિમાં ઋષિકેશભાઈ બુચ, મધુભાઈ કીકાણીનો સમાવેશ થાય છે. ઉપરાંત કારોબારી સભ્ય તરીકે સર્વશ્રી ભવજીતભાઈ વસાવડા, ભરતભાઈ મંકોડી, હર્ષિતભાઈ બક્ષી, શિતલભાઈ નાણાવટી, ઈન્દ્રેશભાઈ વૈષ્ણવ, શૈલેષભાઈ વૈષ્ણવ, રશ્મિબેન પંચોલી, ધર્મિશા વસાવડા તથા ભાવનાબેન કે. વૈષ્ણવનો સમાવેશ થાય છે.

નવી વરાયેલ કારોબારી તરફથી અનંત ધર્માલય ખાતે સર્વ જ્ઞાતિજનો માટે સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવેલ જેમાં યજમાન પદે શ્રી હર્ષલ બુચ તથા શ્રીમતી કૃતિ બુચ તથા ઈન્દ્રેશભાઈ વૈષ્ણવ બેઠા હતા કથાને અંતે સૌ દુધ તથા પ્રસાદ લઈ સૌ છુટા પડેલ.

## જૂનાગઢ ખાતે અંતાણી તથા માંકડ પરિવાર મિલન યોજાયું

(૧) ભાવનગર સ્થિત અંતાણી વટવૃક્ષની બે ડાળીઓ નામે પર્જન્યરાય ભાનુશંકર અંતાણી અને હરીશ્ચંદ્ર ભાનુશંકર અંતાણીએ તેમના દાદા સ્વ. પૂ.વ. ઉમીયાશંકર શંભુશંકર અંતાણી કુટુંબના વટવૃક્ષની આજની પેઢી દ્વારા પણ સાચવણી સુરક્ષિત અને સુનિશ્ચિત કરવા, એકોતેર કૂળ તારનાર 'નાગર નરસિંહ મહેતા ધામ' જુનાગઢ તળેટીમાં તેઓના વટવૃક્ષની મુખ્ય બે ડાળીઓ સ્વ. ભાનુશંકર ઉમિયાશંકર અંતાણી સ્વ. નિર્ગુણાબેન ભાનુશંકર અંતાણીની સ્મૃતિમાં તા ૨૫ થી ૨૮ ઓકટો ૨૦૧૨ "એકતા ભવન" ખાતે ' અંતાણી પરિવાર મિલન' યોજેલ. આબાલ વૃધ્ધ સૌ કુટુંબીઓએ હર્ષભેર ભાગ લીધો. હૈયાત વટવૃક્ષના મોભી મુ. ઈશ્વરલાલ અંતાણી પરિવાર અનિવાર્ય સંયોગોને લઈ ઉપસ્થિત ન રહી શકતા તેઓનો શુભેચ્છા સંદેશ વાંચેલ. અન્ય હાજર વડીલોમાં રાજકોટના એડવોકેટશ્રી અજીતરાય અંતાણી, રાજકુમાર કોલેજના નિવૃત પ્રાધ્યાપક શ્રી વસંતરાય અંતાણી જેઓએ અંતાણી પરિવારના વટવૃક્ષમાં આંબાનું સુંદર સંકલન કરી દરેક સભ્યને એક પ્રત અર્પણ કરેલ તે સૂચક હતું.

કાર્યક્રમના શરૂઆતમાં વટવૃક્ષના દિવંગત આત્માઓ માટે સૌએ એક મિનિટનું મૌન પાળેલ અને ત્યારબાદ પરિવારની સૌથી નાની કુમારિકા કૈરવી દીપક અંતાણી દીપ પ્રાગટય કરી અન્ય સભ્યો સાથે આ કાર્ય સગીર નંદીશ ધોળકિયાએ પૂર્ણ કરેલ. ગણપતિ પ્રાર્થના અને ગીતાના બારમાં અધ્યાયના વાંચન પછી વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરેલ. જુનાગઢના પ્રખ્યાત બેઠા ગરબા, ગાયત્રી હોમ, જુનાગઢ દર્શન સાથે ગીત ઉખાણા પ્રાર્થના વગેરેનો સૌએ સાથે મળીને આનંદ માણ્યો હતો. અંતમાં પરિવારના સૌ હાજર સભ્યોને ' સ્મૃતિ ચિન્હ' અર્પણ કરાયેલ. વૈષ્ણવજન ગાન બાદ એક ડાળનો અંતાણી પરિવાર છૂટો પડેલ.

(૨) જોડીયા નિવાસી સ્વ. ડો. દિનકરરાય માંકડની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણીરૂપે પરિવારના ૭૦ જેટલા પરિવારજનો જૂનાગઢની તળેટીમાં ભારતી આશ્રમ ખાતે ઉમંગભેર એકત્ર થઈ કુટુંબ મેળો કર્યો જેમાં સૌએ ભૂતકાળની વાતો વાગોળી આનંદ માણી આજના સમયમાં દુર્લભ એવી સંયુકત કુટુંબની ભાવનાનો સૌને પરિચય કરાવ્યો.

## ડો. પાર્થ માંકડના પુસ્તકનું વિમોચન તથા ઇ-કલીનિકનું લોકાર્પણ

મૂળ ભુજના અમદાવાદ ખાતે પ્રેકટીસ કરતા ડો. પાર્થ માંકડના સ્વાસ્થ્ય અને હોમિયોપેથીની સમજણ આપતા પુસ્તક 'સ્વાસ્થ્યનો મીઠો સ્વાદ હોમિયોપેથી'નું વિમોચન જાણીતા કટાર લેખક અને વિવેચક જય વસાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યું. અતિથિવિશેષ તરીકે કવિશ્રી તુષાર શુકલ ઉપસ્થિત હતા.પ્રારંભમાં રંજનાબેનના શ્લોકગાન બાદ દિનેશભાઈએ શબ્દપુષ્પથી સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અમદાવાદની બહાર વિશ્વના કોઈપણ ખૂણેથી હોમિયોપેથીની સારવાર લઈ શકાય તેવા 'ઓનલાઇન Homeo e clinic '(www.homeo e clinic.com) ખૂલ્લું મૂકવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ડો. પાર્થે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય અને રોગ વિશે લોકો ગંભીરતાથી વિચારતા નથી. શારીરિક તકલીફ એ જ રોગ નથી રોગ ઉદ્‌ભવવામાં મનની ખૂબ મોટી ભૂમિકા હોય છે અને હોમિયોપેથી જ તેમાં અસરકારક સારવાર આપી શકે.

ડોકટર્સ, ચાહકો, જ્ઞાતિ સંસ્થાઓના હોદેદારો અને જ્ઞાતિજનોની વિશાળ ઉપસ્થિતિમાં ડો. ગ્રીવા માંકડ દ્વારા પુસ્તકના ફકરાના વાંચનને અંતે કાર્યક્રમ સંપન્ન થયો હતો.



## યુથ ફેસ્ટીવલમાં કુ. દ્યુતિ વસાવડા સંગીતમાં અગ્રસ્થાને

અમદાવાદના કુ. દ્યુતિ દિવાકર વસાવડાએ ગુજરાત ટેક. યુનિ.(જીટીયુ) દ્વારા આયોજિત યુથ ફેસ્ટીવલ "ક્ષિતિજ ૨૦૧૨"માં અમદાવાદ ઝોનમાં હળવા કંઠય સંગીત તથા શાસ્ત્રીય કંઠય સંગીત બંન્નેમાં પ્રથમ સ્થાન મેળવી ટ્રોફી મેળવ્યા બાદ ઈન્ટર ઝોનલ રાઉન્ડમાં પણ લાઈટ વોકલમાં તૃતીય અને કલાસીકલ વોકલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શીલ્ડ તથા ચંદ્રકો મેળવ્યા.અભિનંદન.

## કુ. ધ્વનિ વછરાજાનીની સિદ્ધિઓ

રાજકોટના ડો. વિભાકર વછરાજાની તથા શ્રીમતી કલ્યાણીબેનનાં પુત્રી કુ. ધ્વનિ વછરાજાનીએ ગુજરાત રાજ્ય દ્વારા શાસ્ત્રીય સંગીત માટે યોજાતી પંડિત ઓમકારનાથ ઠાકુર સ્પર્ધામાં 'બ' વિભાગમાં પ્રથમ સ્થાન મેળવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું આ ઉપરાંત ગાયન તથા વાદનના બધાજ સ્પર્ધકોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ 'શ્રેષ્ઠ સાધક'નો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો. તદઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પી.એચડી.ની પ્રવેશ પરીક્ષામાં પ્રથમ અને બીજા તબકકામાં તેણીએ ઝળહળતી સફળતા મેળવી અંગ્રેજી સાહિત્યમાં 'રસ' થીયરી ઉપર પોતાનું સંશોધન કાર્ય શરૂ કર્યું. અભિનંદન-શુભેચ્છા.

## વિદેહ ત્રિવેદી ICWA થયા

જૂનાગઢના સ્વ. હરેશ્વર તથા શકુંતલાબેન દવેના દોહિત્ર શ્રીમતી કૌશિકીબેન આસુતોષ ત્રિવેદીના પુત્ર વિદેહ આસુતોષ ત્રિવેદી જુન ૨૦૧૨માં લેવાયેલ ICWA ફાઈનલ પરીક્ષામાં કુલ ૪૭૬ ગુણ મેળવી ઉત્તીર્ણ થયા..ઉલ્લેખનીય છે કે વિદેહે અમદાવાદમાં પ્રથમ તેમજ ગુજરાત રાજયમાં ચોથો અને સમગ્ર ભારતમાં ૧૩ મા ક્રમાંક સાથે જ્વલંત સફળતા મેળવી છે.



## મોહિત માંકડ બી.ઈ. (આઈ ટી) થયા

રાજકોટ સ્થિત શ્રી વિજય માંકડ તથા શ્રીમતિ જહાન્વી (જિજ્ઞાસા) માંકડના પુત્ર તે જામનગરના ચંદ્રિકા જનકરાય માંકડના પૌત્ર અને અમદાવાદનાં મંજરીબેન દેવેન્દ્રભાઈ અંતાણીના દોહિત્ર તાજેતરમાં ધરમશી દેસાઈ યુનિવર્સિટી નડિયાદ દ્વારા લેવાયેલ બી.ઈ.(આઈટી) ની પરીક્ષામાં ૬૫% સાથે ઉતીર્ણ થયા અને કેમ્પસ ઈન્ટરવ્યુમાં પસંદગી પામી ટાટા કન્સલ્ટન્સીમાં ચેન્નાઈ ખાતે જોડાયા.અભિનંદન.

## ભાવનગર નાગર મિત્ર મંડળ, મુંબઈ

સંસ્થાના ઉપક્રમે તા. ૧૪-૧૧-૧૨ના રોજ જૂહુ સ્કીમ ખાતે મેડીકલ એસોશીએશન હોલ ખાતે પ્રતિ વર્ષ મુજબ નૂતન વર્ષના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. આ દિવસે બાલદિન હોઈ ૧થી ૧૨ વર્ષના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, નૃત્ય સ્પર્ધા તથા ૧ થી ૧૪ વર્ષના બાળકો માટે કલ આજ ઔર કલની થીમ ઉપર ફેશન શો યોજ્યો હતો.જેમાં દાદી, મમ્મી અને સંતાનોએ રેમ્પવોક કર્યું હતું. નૃત્ય સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રીમતી કાનન દેસાઈ અને જાનકી વૈદ્યએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી કૈરવ મહેતાએ કરેલ. આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે બીરાજેલ શ્રી સિધ્ધાર્થભાઈ તથા યશોધરાબેન મહેતાનો પરિચય શ્રીમતી કેતકીબેન મહેતાએ આપ્યો હતો. પ્રમુખશ્રી પર્યકભાઈ મહેતાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.અતિથી વિશેષ શ્રી સિધ્ધાર્થભાઈએ મંડળ સાથેનો પોતાના ૨૫ થી વધુ વર્ષના નાતાને યાદ કરી ૪ વર્ષના પ્રમુખપદે સહકાર્યકરોની મદદથી સફળ કાર્ય કરી શકેલ તેમ જણાવેલ.તેઓએ માતુશ્રીના સ્મરણાર્થે ૨૫૦૦/-રૂા.નું અનુદાન પણ આપ્યું હતું. અંતમાં દાતાઓના સહયોગથી ઈનામો આપવામાં આવ્યાં હતાં.

## ગુજરાત હાઈકોર્ટના ખ્યાતનામ એડવોકેટ શ્રી પી.વી. હાથીનું નિધન



સૌરાષ્ટ્ર રાજય વખતના રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી સ્વ. શ્રી વામનરાય ગુલાબરાય હાથીના જયેષ્ઠ પુત્ર અને ગુજરાત રાજય હાઈકોર્ટના ખ્યાતનામ ધારાશાસ્ત્રી શ્રી પ્રદ્યુમ્ન વામનરાય હાથીનું ટૂંકી માંદગી બાદ અમદાવાદ ખાતે તા. ૧૮-૧૦-૨૦૧૨ ના રોજ નિધન થયું. જ્ઞાતિ કુટુંબ તેમજ મિત્રવર્તુળમાં 'પંડિતભાઈ' ના હુલામણા નામથી ઓળખાતા પ્રદ્યુમ્નભાઈનો જન્મ ૧૯૩૩ માં તા ૧૦ એપ્રિલના રોજ રાણાવાવ ખાતે થયો હતો. વકીલાતની કાબેલિયત તેમના પિતાશ્રી તરફથી વારસામાં મળેલ. ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થતાં તેઓ વ્યવસાય અર્થે અમદાવાદ આવ્યા અને ત્યારથી અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી. પોતાની આગવી સુઝબુઝથી અને રેવન્યુ કાયદા અંગેની વિશિષ્ટ જાણકારીને કારણે ટુંકાગાળામાં તેઓએ હાઈકોર્ટમાં નામના મેળવી હતી અને પોતાની અટકને અનુરૂપ તેઓ વકીલાતના વ્યવસાયમાં પણ જાયન્ટ (હાથી) પૂરવાર થયેલા. પોતાના હસમુખા અને મિલનસાર સ્વભાવને કારણે તેઓ જુનિયર વકીલોમાં પણ સન્માનનીય રહી પથદર્શક બની રહયા હતા. રેવન્યુ સર્વિસ રૂલ્સ,સિવિલ પ્રોસીજર કોડ વિગેરેમાં તેઓની નિપૂણતા થકી વકીલો ઉપરાંત ન્યાયાધીશો પણ તેઓનું માર્ગદર્શન મેળવતા. તેઓ વકીલાતના વ્યવસાયની સાથોસાથ ગુજરાત હાઈકોર્ટની ક્રિકેટ ટીમના સભ્ય રહયા અને કેટલીક મેચોમાં અમ્પાયરીંગ પણ કર્યું હતું.

ગુજરાત બાર કાઉન્સીલની ચુંટણીમાં તેઓ હમેંશા રીર્ટનીંગ ઓફિસર તરીકે રહયા અને તેમાં એક તટસ્થ અધિકારી તરીકેની છાપ ઉપસાવી શકયા. રીર્ટનીંગ ઓફિસર તરીકે તેમણે લીધેલ નિર્ણયો બધા સભ્યો સાદર સ્વીકારતા. વકીલાત ઉપરાંત તેઓ હાઈકોર્ટની કેટલીય કમિટિમાં સામેલ રહેતા જેમાં મુખ્યત્વે તેઓ ચેરપર્સન રહયા.તેમની કાયદાકીય આવડતની નોંધ લઈ ૧૯૮૦માં તે વખતના ચીફ જસ્ટીસે તેઓને જર્જીઝ બેંચના સભ્ય બનવાની ઓફર કરેલ.ટૂંક સમય પહેલાંજ પ્રદ્યુમ્નભાઈએ વ્યવસાય ક્ષેત્રમાં ૫૦ વર્ષ પૂરાં કરતાં મુખ્યમંત્રી દ્વારા તેઓનું સન્માન કરવામાં આવેલ. મુ. વામનભાઈનો વકીલાતનો વારસો પ્રદ્યુમ્નભાઈએ સંભાળ્યા બાદ બંને આ વારસો તેઓનાં એડવોકેટ પુત્રીઓ નંદિની તેમજ ખ્યાતિએ પણ જાળવેલ છે. આવા પ્રતિભાવાન એડવોકેટને ગુજરાતની વકીલ આલમ આજીવન યાદ કરશે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

*Welcome 2013 - Happy New Year*

# –:–:– મંગલ મેરેજ બ્યુરો –:–:–

**સંચાલક : મમતા ઢેબર – ફોન : ૦૨૮૧ – ૨૫૭૦૬૮૧ સમય : સવારે ૯ થી ૧૧**
**સાંજે ૫ થી ૭ રવિવારે રજા – ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**યુવકોની વિગત :** (૧) ડીસેમ્બર–૮૧, બી.સીએ., ઉ. ૫'.૮" શરૂમાં બોલતાં અચકાય છે.
(૨) ફેબ્રુઆરી–૮૩, સીવીલ એન્જીનીયર, ઉ. ૫'.૫" (મંગળ) સાધારણ કુટુંબ.
(૩) નવેમ્બર–૮૪ માસ્ટર ઓફ કલીનીકલ સાયકોલોજી, હોસ્પિટલ મેનેજમેન્ટનો અભ્યાસ, સુંદર, ગૃહકાર્યમાં કુશળ કન્યા આવકાર્ય. (૪) ફેબ્રુઆરી–૮૪ બી.કોમ., એલએલબી., એલ.એલ એમ., નોકરી ન કરતી કન્યા આવકાર્ય. (૫) સપ્ટેમ્બર–૮૬ આઈટી એન્જી.મૂળ ભાવનગરના તેથી ભાવનગરની કન્યાને પ્રાથમિકતા. (૬) મે–૮૬ એમ.કોમ.,એલ.એલબી., સી.એસ.(નાગર બ્રાહ્મણ–મંગળ) ગુજરાત માટે કન્યા. (૭) જૂલાઈ–૮૦ બી.કોમ. નાગરીક બેંકમાં નોકરી, અમદાવાદની કન્યા આવકાર્ય. (૮) ફેબ્રુઆરી–૮૦ કેમીકલ એન્જીનીયર, પીજીડીજી ઉચ્ચ શિક્ષિત કન્યા આવકાર્ય (ચોખ્ખા ગ્રહ) (૯) ડીસેમ્બર–૮૨ આઈ.સી.ડબલ્યુ, ગુજરાતના નાગર (મંગળ) ઉ. ૫'.૭" વજન ૭૨ કેજી માટે ઉચ્ચ શિક્ષિત કન્યા આવકાર્ય.

**નોંધ : ૧૫ જાન્યુ. ૨૦૧૩ સુધીમાં નવા રજીસ્ટ્રેશન કરાવો...જૂના રજી. ચાર્જીસ પ્રમાણે.**


*Happy New Year*

## ABM TRAVELS

**WINTER DHAMAKA**
Singapore-Malaysia (6N/7D) Rs.69750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.89750 per Adult/HongKong-Shenzhan (7N/8D)Rs.84750 - All Inclusive.

**Honeymoon tours**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui

**Mountain Resort**
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Beach Resort**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar

**Cruise tours**
STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean

**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

Booking of International destinations
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**



નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫



KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011

If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩



# શ્રધ્ધાંજલિ

असतो मा सद्गमय
तमसो मा ज्योति र्गमय
मृत्योर्मा अमृतं गमय
ॐ शांतिः शांतिः शांतिः

## સ્વ. અજિતલાલ ભુજંગીલાલ પારઘી ( ઉ. વ. ૯૯ )

જન્મઃ- ૩-૧-૧૯૪૪ અવસાનઃ- ૨૨-૧૦-૨૦૧૨ (પોષ સુદ સાતમ)

પૂ. સ્વ. દાદાજીની વહાલી પૌત્રી હૃદયાના નતમસ્તક વંદન

જયહાટકેશ

ધાર્મિક વૃતિના સેવાભાવી સ્વ. અજીતલાલ ભુજંગીલાલ પારઘી રાજકોટના શ્રી રસિકભાઈ પોટાના પુત્રી અને શ્રી કૌશિક પોટાના ભત્રીજી બીનાના સસરા થાય. શ્રધ્ધાસુમન.

## તરણમાં સંકલ્પથી શિખરો સર કરતાં ભદ્રાબેન દેસાઈ

ગત સપ્ટેમ્બર માસમાં ૨૩ મી તારીખે અમદાવાદ ખાતે ગુજરાત રાજય એકવાટીક એશો. ના ઉપક્રમે ત્રીજા ગુજરાત રાજ્ય માસ્ટર તરણ સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં રાજકોટના વડીલ શ્રીમતિ ભદ્રાબેન મહેશચંદ્ર દેસાઈએ ૭૭ વર્ષની ઉમરે ભાગ લઈ તેમની શ્રેણીમાં બેકસ્ટ્રોક પ્રકારની તરણશૈલીના બે વિભાગમાં રાજય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. નવું શીખવા કે શીખેલાંની અજમાયશ માટે કોઈને ઉમર અડચણરૂપ નથી બનતી તેવો અભિગમ ધરાવતાં ભદ્રાબેને ૬૯ વર્ષની ઉમરે તો તરણ શીખવાનું શરૂ કરેલ અને દ્રઢ સંકલ્પ તથા તેમના સ્વ. પતિ શ્રી મહેશભાઈની સતત પ્રેરણા થકી આગળ વધતાં, તરણની સફર શરૂ કરી સ્પર્ધામાં ભાગ લઈ અને અવ્વલ આવવા સુધીની યાત્રા પૂર્ણ કરી. અત્રે ઉલ્લેખનીય છે કે ભદ્રાબેનના પતિ સ્વ.શ્રી મહેશભાઈ તથા શ્વસુર સ્વ.શ્રી ડો.વીરપ્રતાપ (વીરૂભાઈ) દેસાઈ બંન્ને પોતે બહુ સારા તૈરક હતા. તેમજ હાલમાં મુ.વ. ભદ્રાબેન તથા તેમના પુત્રવધૂ સૌ. ગિરા પરિમલ દેસાઈ નિયમિત તરણહોજની મુલાકાત લે છે અને તેમની પૌત્રી કુ. હલક પરિમલ દેસાઈ તો બહુ સારી તૈરાક છે અને અગાઉ તેણીની શાળાકીય કારકીર્દી દરમિયાન રાજકોટ જીલ્લા શાળાકીય રમત મહોત્સવમાં તરણ સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ ત્રણ વાર નંબર પ્રાપ્ત કરી શીલ્ડ તથા ઈનામો મેળવી ચુકી છે. આમ ભદ્રાબેનને તરણની ભેટ શ્વસુર પક્ષેથી મળી છે જે ચોથી પેઢી સુધી ચાલી આવેલી કૌટુંબિક પરંપરા બની ગઈ છે. અભિવંદન...

**નોંધ :** અમારા અંગત કારણ/સંજોગ સબબ ૧-૨ માસ બરછી થોડું વહેલું મોડું પ્રકાશિત થશે. સહકારની અપેક્ષા સાથે... દરગુજર કરશો. આ અંક તા. ૨૮/૧૨ના રોજ મોકલવામાં આવેલ છે. - તંત્રી.

## વે. રેલ્વે એમ્પ્લોઈઝ યુનિયનના ઉપપ્રમુખ પદે મહેશ કે. છાયા



મૂળ જામનગરના અને ૫૩ વર્ષથી રાજકોટના રહીશ શ્રી મહેશ કૃષ્ણકુમાર છાયા રેલ્વેમાં એકાઉન્ટસ ડિપાર્ટમેન્ટ રાજકોટમાં ફરજ બજાવી રહયા છે. જેઓ રેલ્વેના પ્રથમ ક્રમના સૌથી મોટા વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ યુનિયન(મુંબઈ) રાજકોટમાં છેલ્લા દસ વર્ષથી ડીવીઝનલ ચેરમેન તરીકે કાર્યરત રહયા છે. આ યુનીયનનું ૯૨મું વાર્ષિક ઝોનલ અધિવેશન તા. ૨૧/૧૧ થી ૨૩-૧૧-૨૦૧૨ના રોજ ભાવનગર મુકામે મળી ગયું જેમાં વેસ્ટર્ન રેલ્વેમાંથી૩૦૦૦ થી વધુ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ઝોનલ બોડીની ચૂંટણીમાં શ્રી મહેશ કે. છાયા ઝોનલ વાઈસ પ્રેસીડેન્ટ તરીકે બિનહરિફ ચૂંટાઈ આવ્યા. અભિનંદન.

## તથાગત મહેતા બી. ટેક. થયા



મૂળ ભાવનગરના ગાંધીનગર સ્થિત કશ્યમપ નિર્મળકેતુ મહેતા અને બીના મહેતાના પુત્ર તથાગત NIMS યુનિવર્સિટી જયપુર ખાતેથી બી. ટેક.ની પદવી પ્રથમ વર્ગ સાથે મેળવી. તેઓએ ગાઝીયાબાદ તથા જયપુર ખાતે યોજાયેલ બાયોસાયન્સ એન્ડ બાયોએન્જીનીયરીંગની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પોતાના વિષય ઉપર રીસર્ચ પેપર રજૂ કરી પ્રેઝન્ટેશન આપ્યું હતું. આ ઉપરાંત કોલંબો,શ્રીલંકા ખાતે યોજાયેલ ૪૪મી ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પણ રીસર્ચ પેપર પસંદગી પામેલ. અભિનંદન-શુભેચ્છા.


### બંગલો ભાડે આપવાનો છે...

જમીન ૨૧૮ વાર, બાંધકામ ૨૧૦૦ ફૂટ, બંને બાજુ વિશાળ કમ્પાઉન્ડ, મ્યુનિ. નળ કનેકશન, બોર, નીચે એક બેડ ફીકસ કેબીનેટ વાળું કીચન, વોશીંગ એરીયા, અંદરથી સીડી.

ઉપર માળે અંદરથી બે બેડરૂમ એક રૂમ એટેચ ટોયલેટ, બાથરૂમ, એક રૂમમાં કબાટ વીથ ડ્રેસીંગ ટેબલ, ફીકસ ફર્નીચર.

નાની અગાશી, ઉપર મોટી અગાશી.

બેંકના AGM-DGM અથવા સરકારી બદલીપાત્ર અધિકારીને ૧૧ માસના કોન્ટ્રાકટ થી ભાડે આપવાનો છે.

માસિક ભાડું રૂા. ૨૦ થી ૨૫૦૦૦/-

સંપર્ક : પરાશર કે. બુચ, 'સ્મૃતિ' ૨ મોહનનગર, ન્યુ એરા પ્રી પ્રાઈમરી સ્કૂલની બાજુમાં, રૈયા રોડ, રાજકોટ-૭. ફોન : ૦૨૮૧-૨૪૫૯૮૪૩


### <u>પુસ્તક પરિચય</u>

**વાનગીનું પુસ્તક "આસ્વાદ" ધ કીચન ગાઈડ**

પોરબંદરના શ્રીમતી દેવીબેન નાણાવટી દ્વારા સંકલિત 'આસ્વાદ' ખરેખર કીચન ગાઈડ જેવું ૨૩૦ પાનાનું પુસ્તક છે જેમાં રોજબરોજની રસોઈથી માંડી પ્રસંગોપાત બનતાં ફરસાણ, મિષ્ટાન, નાસ્તા, અથાણા, જામ, શરબતની અઢળક રીતો આપવામાં આવેલ છે. ઉપરાંત જુદી જુદી ટીપ્સ, રસોડા,ઘરને લગતું માર્ગદર્શન વગેરે ઘણી ઉપયોગી માહિતી પણ આપવામાં આવી છે. કલરફૂલ ટાઇટલ અને સુઘડ છપાઈ સાથેના 'આસ્વાદ'ની કિંમત રૂા ૩૫૦/- છે. જે ઉપયોગીતા મૂલ્ય સામે વ્યાજબી છે.

પ્રાપ્તિ સ્થાન :
વિશાખાબેન નાણાવટી,
અર્પણ હોસ્પિટલ-ત્રીજો માળ, યુગાન્ડા રોડ, પોરબંદર. મો. ૯૩૭૬૬૭૭૫૫૫

# સૌરાષ્ટ્રના જાણીતા સ્પાઈન સર્જન મણકાના રોગોના નિષ્ણાત ડો. નીરજ વસાવડા અમદાવાદની જગપ્રખ્યાત "શેલ્બી હોસ્પિટલમાં"



દક્ષિણ કોરીયાનો રાજધાની " સીઓલ" ની આંતરરાષ્ટ્રીય કક્ષાની હોસ્પિટલ " વોરીકુલ" માં એક વર્ષની સઘન તાલીમ લઈને જર્મની અમેરીકામાં વધુ તાલીમ લઈને ડો. નીરજ ભૂપેન્દ્ર વસાવડા ચેન્નાઈની મેયો અને એપોલો હોસ્પિટલમાં સઘન સર્જીકલ સેવાઓ આપીને માદરે વતન રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં જોડાયેલ.

ડો. નીરજ વસાવડા એ સૌરાષ્ટ્રમાં સ્પાઈનલ સર્જરીના ક્ષેત્રે " મીનીમમ ઈન્ટેનસીવ " અને એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી નો સૌરાષ્ટ્ર કચ્છમાં પાયો નાખ્યો અને ખુબ જ લોકચાહના મેળવી. તેમના અત્યાર સુધીના કાર્યકાળ દરમિયાન ૨૦૦૦ થી પણ વધુ સ્પાઈન સર્જરી કરી અનેક દર્દીઓને રાહત આપનાર ડો. નીરજ સૌરાષ્ટ્રના પ્રથમ સ્પાઈન સર્જન તરીકે જાણીતા છે. નાગર જ્ઞાતિના સૌરાષ્ટ્ર કચ્છ વડોદરા સુરત અને મુંબઈના અનેક દર્દીઓને ડો. નીરજની સારવાર નો લાભ મળ્યો છે. ડો. નીરજ વસાવડાએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સેમીનાર અને કોન્ફરન્સમાં વ્યાખ્યાનો પણ આપ્યાં છે. અમેરીકામાં પ્રકાશિત થયેલ એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરીની ટેક્ષબુકમાં પણ ડો. નીરજના પેપરનો સમાવેશ થયેલ છે.

ડો. નીરજ નીચેની બાબતોના નિષ્ણાત છે.

- રીવીઝન સ્પાઈન સર્જરી
- ખુંધની સર્જરી
- મીનીમમ ઈન્ટેન્સીવ માઈક્રોસ્કોપીક સ્પાઈન સર્જરી
- એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી
- કોમ્પ્લેક્ષ સ્પાઈન સર્જરી

ડો. નીરજ વસાવડા હવે અમદાવાદ ઉતર ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છ ઉપરાંત રાજસ્થાનના દર્દીઓને તેમની સેવા અને સારવારનો લાભ મળે તે હેતુથી અમદાવાદમાં ભારતના જાણીતા ડો. વિક્રમ શાહની 'સ્ટેઈટ ઓફ ધ આર્ટ'– 'શેલ્બી હોસ્પિટલ'માં જોડાયા છે અને કન્સલ્ટન્ટ સ્પાઈન સર્જન તરીકે સેવા આપી રહયા છે.

ડો. નીરજ વસાવડા દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે રાજકોટમાં બીજા શનિવારે ભાવનગરમાં ચોથા શનિવારે ભુજમાં દર્દીઓને તપાસશે.

એપોઈન્ટમેન્ટ – સંપર્ક નં. ૯૪૦૯૨૮૬૦૨૧

ઓન લાઈન કન્સલ્ટેશન WWW.endospinecare.com

***

## પ્રભુતામાં પગલાં :

✪ પોરબંદરના બરછી પ્રતિનિધિ શ્રી રાજેન્દ્ર ભાસ્કરભાઈ ઓઝા અને શ્રીમતી રેખા આર. ઓઝા(બરછીને સેવા આપતા વડીલ રાજકોટના ભરતભાઈ મહેતાનાં પુત્રી) નાં પુત્રી ધારણાના લગ્ન અમદાવાદ સ્થિત ઉમેશભાઈ કીશોરભાઈ વસાવડા અને મોનીકાબેન ઉ. વસાવડાના પુત્ર આલોક સાથે ધામધુમથી ઉજવાયાં. સુશોભિત મંડપમાં લગ્ન સાથે સ્નેહીશુભેચ્છકોનો ભોજન સમારંભ યોજાયો... તો જૂનાગઢના નાણાવટી બ્રધર્સની સુગમ ગીતોની બેઠકે રંગત જમાવી હતી. રાજકોટના સતીષ મહેતાએ દરેક પ્રસંગની વીડિયોગ્રાફી કરી સંભારણું તૈયાર કર્યુ.

✪ પોરબંદર સ્થિત નયનભાઈ બી. ઝાલાના પુત્ર પલ્લવના લગ્ન જૂનાગઢ સ્થિત નિખીલભાઈ વૈશ્નવનાં પુત્રી હલક સાથે.

✪ વડોદરા સ્થિત શ્રેયસભાઈ તથા સૌ. કૃતિકા ત્રિવેદીનાં પુત્રી મૃગાના લગ્ન અમદાવાદ સ્થિત હેમાંગભાઈ તથા સૌ. ડો. પ્રીતાબેન વ્યાસના પુત્ર નિત્ય સાથે.

✪ વડોદરા સ્થિત ભુપીનભાઈ ભાસ્કરભાઈ વૈષ્ણવ તથા શ્રીમતી દક્ષાબેન વૈષ્ણવના પુત્ર જયદીપના લગ્ન મુંબઈ સ્થિત યશસ્વીભાઈ હર્ષવદન મહેતા અને શ્રીમતી જાગૃતિબેનનાં પુત્રી ઋતુજા સાથે.

✪ સીકકા સ્થિત સુધીરભાઈ એમ. મારૂનાં પુત્રી રોમાના લગ્ન જામનગર સ્થિત બકુલભાઈ શિવશંકર આચાર્યના પુત્ર પ્રણય સાથે.

✪ ખંભાળીયા સ્થિત કિરીટકુમાર ચંદુલાલ માંકડના પુત્ર જલ્પેશના લગ્ન હાપા-જામનગર-સ્થિત વિજયભાઈ મહેતાનાં પુત્રી ફાલ્ગુની સાથે.

✪ શ્રીમતી દિપ્તી તથા જયંતભાઈ હરીકાન્ત બુચનાં પુત્રી નિર્ઝરીનાં લગ્ન શ્રીમતી ભાવના તથા સુનીલભાઈ કચ્છીના પુત્ર પૂર્વજ સાથે. ✪ યાત્રી હરીશચંદ્ર વૈષ્ણવના લગ્ન અમદાવાદ સ્થિત કશ્યપભાઈ બી. વછરાજાની ના પુત્ર રચિત સાથે. ✪ જુનાગઢના આશુતોષભાઈ બુચના પુત્ર કૃતેશના લગ્ન જુનાગઢ ના પ્રદીપભાઈ અવાશિયાના પુત્રી નૂપુર સાથે.

✪ મુંબઈ સ્થિત કૃતિ દુર્ગેશભાઈ મહેતાના લગ્ન વડોદરા સ્થિત પૂરબ પ્રકાશભાઈ દેસાઈ સાથે.-કૃતાર્થ ઉમેશભાઈ ઢેબર લગ્ન રાજકોટના મીરાં ચંદ્રકાન્તભાઈ જોષી સાથે.

## સગપણ-સગાઈ :

- ગોંડલના મિલન સુભાષચન્દ્ર દેસાઈનું સગપણ ભુજના ધર્મેન્દ્રભાઈ ધોળકિયાનાં પુત્રી ઈશિતા સાથે.
- ભાવનગર સ્થિત હિમાશુંભાઈ હર્ષકેતુભાઈ મહેતાના પુત્રી સંગતીનું સગપણ ભાવનગરના તારકભાઈ પ્રસન્નવદનભાઈ મહેતાના પુત્ર યશપાલ સાથે. -ભાવનગર સ્થિત રાકેશભાઈ હાથીના પુત્રી હિતેશીનું સગપણ પાલીતાણા સ્થિત ભરતભાઈ દેસાઈના પુત્ર અમીત સાથે. - પોરબંદરના કિરણભાઈ ઝાલાના પુત્રી નિયતીનું સગપણ જામનગરના યશેષભાઈ માંકડના પુત્ર મૌલિક સાથે.- મુંબઈ સ્થિત મહેશભાઈ બુચના પુત્ર હરસિધ્ધનું સગપણ રાજકોટના સ્વ. જીતેન્દ્રભાઈ હાથીના પુત્રી રત્ના સાથે.- રાજકોટ સ્થિત જગદીશભાઈ હર્ષવન્તભાઈ હાથીના પુત્ર તારકનું સગપણ ભુજનાં ભારતીબેન ધનંજયભાઈ વૈદ્યનાં પુત્રી ઋત્વી સાથે. રાજકોટના જીજ્ઞેશ પંકજભાઈ ઓઝાનું સગપણ રાજકોટના મધુકરભાઈ વિરેન્દ્રભાઈ અંતાણીનાં પુત્રી ધ્રુતિ સાથે-રાજકોટના સુજીત વિતેષ વસાવડાનું સગપણ ભુજના હિમલ નરેન્દ્રભાઈ વોરા સાથે. - રાજકોટ સ્થિત અમૃતા ઉમેશભાઈ માંકડનું સગપણ જામનગર સ્થિત જીગેશ જગદીશભાઈ છાયા સાથે.

# ◆ ◆ ◆ સમાચાર સંચય ◆ ◆ ◆

**વડોદરા :** ગાંધીજયંતીના ઉપલક્ષ્યમાં તા. ૨/૧૦ના રોજ લાયન્સ કલબ ઓફ આણંદના ઉપક્રમે આયુર્વેદીક કન્સલ્ટન્ટ તથા કુશળ વકતા ડો. રાજેન્દ્ર કે. હાથીએ ગાંધીજી વિશે માહિતીસભર વાર્તાલાપ આપ્યો. જેમાં તેઓએ ગાંધીજી બાપુ, રાષ્ટ્રપિતા તથા મહાત્મા કેમ કહેવાયા ? તેમની ખામીઓ અને ખૂબીઓ સાથે રમુજી શૈલીમાં રજુ કરી શ્રોતાઓની દાદ મેળવી હતી.

ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા જાબુંઘોડા નવસારી આસપાસના અંતરિયાળ જંગલોમાં પાંચ દિવસની નિદાન શિબિરોમાં ડો. રાજેન્દ્ર કે. હાથીએ પોતાની સેવા આપી ૧૫ દિવસની નિશુલ્ક દવાઓ પણ આપી. તેઓ લખી જણાવે છે તેમ..'આમ પણ જંગલ અભયારણમાં 'હાથી' જ શોભે ને ! '

રેલ્વેના અધિકારીઓ માટેની "રેલ્વે સ્ટાફ કોલેજ" માં "પ્લાનીંગ ફોર રીટાયરમેન્ટ" કાર્યક્રમમાં પાંચદિવસીય સેમેનારમાં ડો. રાજેન્દ્ર કે.હાથીએ "આર્યુવેદ એન્ડ એજિંગ" વિષય ઉપર બે કલાકનો પ્રશ્નોતરી સાથેનો વાર્તાલાપ અંગ્રેજીમાં આપ્યો. આ ઉપરાંત સિનિયર સિટીઝન મંડળના ઉપક્રમે તેઓનો "રસોડું અર્ધું દવાખાનું કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર" પર આધુનિક વિજ્ઞાન તથા આયુવેર્દીક શાસ્ત્રના સમન્વય સાથેનો સંશોધનાત્મક વાર્તાલાપ આપ્યો હતો.

મૃગેશભાઈ જનાર્દનભાઈ દેસાઈને જીએસએફસીમાં મેનેજર તરીકે બઢતી મળી.

મિહિર મંગળપ્રસાદ બુચ એલ એન્ડ ટી વાલ્વ ડીવીઝનમાં ચેન્નઈ બદલાયા તેઓ દક્ષિણના ચાર રાજયોનો માર્કેટીંગનો કાર્યભાર સંભાળશે.

છેલ્લાં ૨૮ વર્ષથી સેવારત સમા હાટકેશ મંડળ દ્વારા પ્રતિ વર્ષ મુજબ સમા વિસ્તારના જ્ઞાતિ કુટુંબોને ત્યાં નવરાત્રી દરમિયાન જુદા જુદા ઘેર સૌ સાથે મળી શક્રાદય સ્તુતિ, ગરબા દ્વારા માતાજીની આરાધના કરવામાં આવી. તબલા ઉપર જગદીપ જયવીર અંજારીયાએ રંગત જમાવેલ.આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી યુવા કાર્યકર કલ્પેશ બી. અંજારિયાએ એસએમએસ અને ઈમેઈલથી સંદેશા પહોંચાડતા સારી સફળતા મળી હતી.

નાગર મહિલા મંડળ તથા ઝંકાર ગૃપ દ્વારા યોજાયેલ પટોળા સ્પર્ધામાં શ્રીમતી રન્ના કાર્તિક વસાવડાએ પ્રથમ સ્થાન મેળવ્યું.

**અમદાવાદ :** નવરાત્રિના નવલા દિવસો દરમિયાન વેજલપુર નાગર મંડળના ઉપક્રમે પ્રમુખશ્રી રવિન્દ્રભાઈ છાયાના પટાંગણમાં નવ દિવસ બેઠા ગરબા તથા આરતીનું આયોજન કરાયેલ તેમજ શ્રી લક્ષ્મીકાન્તભાઈ વૈષ્ણવને ત્યાં સુર્યોદયથી સુર્યાસ્ત સુધી મા ગાયત્રીનું અનુષ્ઠાન કરવામાં આવેલ. બંન્નેમાં જ્ઞાતિજનોએ હોંશભેર ભાગ લીધો હતો.આ ઉપરાંત મંડળના ઉપક્રમે તા. ૨-૧૨-૧૨ના રોજ શ્રી પાર્થેશ્વર મહાદેવના પટાંગણમાં શ્રી ચંદ્રકાંતભાઈ જયંતિલાલ હાથીના પ્રમુખસ્થાને અને સુ. શ્રી વિભૂતીબેન છાયાના મુખ્ય મહેમાન પદે વેજલપુર સ્થિત જ્ઞાતિજનોનું સ્નેહમિલન યોજાય ગયું. તેઓના હસ્તે બાળકોને ઈનામ વિતરણ કરાયા બાદ ભૂલકાંઓથી યુવાનોએ સંગીત પીરસેલ. સૌએ નવા વર્ષની શુભેચ્છા પાઠવ્યા બાદ શીયાળુ ખાણું ઓળો, ઉંધીયુ,રોટલા સાથે ગાજરના હલવાનો આસ્વાદ માણેલ.

નેહાંશ દેવાંગ(ઈશરો ઈજનેર) માંકડ (ઉ. ૮) અલોહા શાખામાંથી રાજકોટ ખાતે રાજય કક્ષાની ગાણિતિક કસોટીમાં પ્રથમ રનર્સ અપ નો શીલ્ડ મેળવી ચેન્નઈ ખાતે રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ ઉપરાંત હિન્દી પખવાડા અંતર્ગત યોજાયેલ સુલેખન સ્પર્ધામાં ભાગ લઈ દ્વિતીય ક્રમાંક મેળવી

ઈસરોના અધિકારી દ્વારા રૂા ૬૦૦ નકદ તથા પ્રમાણપત્ર મેળવ્યા.

અત્રેના ગુજરાત એસ.ટી.ના મધ્યસ્થ કાર્યાલયમાં ફરજ બજાવતા શ્રી ભદ્રેશકુમાર સનતકુમાર દેસાઈ ૩૨ વર્ષની નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી નિવૃત્ત થતાં કર્મચારી મંડળ તથા મજૂર મંડળ તરફથી વિદાયસમારંભ યોજવામાં આવ્યો. જેમાં તેઓને પુષ્પગુચ્છ આપી સેવાઓને બીરદાવવામાં આવી. ભદ્રેશભાઈ તરફથી ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો.

**રાજકોટ :** અત્રેના શ્રી પ્રફુલ્લચંદ્ર નવીનચંદ્ર માંકડ પરિવાર દ્વારા જગતજનની મા અંબાનું સ્થાપન સગા સ્નેહીઓની ઉપસ્થિતિમાં જ્ઞાતિ આચાર્ય શ્રી ભરતભાઈ આચાર્યની શાસ્ત્રોકત પૂજન વિધિથી કરવામાં આવેલ. દરરોજ જુદા જુદા વૃન્દો..આરાધના ગૃપ, શ્રી કચ્છી નાગર મંડળ, જતુમાના ગરબા, ગુરૂવાર સત્સંગ મંડળ, શાસ્ત્રીનગર નાગર પરિવારના ગરબાથી વાતાવરણ દિવ્ય બની રહેલ. શ્રી ભરતભાઈએ પર્વ તિથિ અનુસાર મંત્ર સ્તુતિઓ આરતી શક્રાદય કીર્તનના ભાવપૂર્ણ અને સ્પષ્ટ ઉચ્ચારણ સાથે પૂજન વિધિ કરાવી યજમાન સહિત તમામ ભાવિકજનોને ભકિતની સૂરસરીમાં તરબોળ કરેલ.જાણીતા કલાકાર મનિષી અંજારીયાએ 'હાટકેશ'ની પ્રસંગોચિત કલાત્મક સજાવટ અને પૂજા મંડપમાં નવદુર્ગા સ્વરૂપોની છબીઓએ નવરાત્રિપર્વને આરાધના ઉત્સવનું યથાર્થ સ્વરૂપ આપ્યું હતું. હવન તથા નોમના નૈવેદ્ય પ્રસાદમાં સર્વ સગાસ્નેહીઓ મિત્રો પરિવારોએ ઉમંગભેર ભાગ લઈ આજના યુગમાં આવા ધાર્મિક પ્રસંગ દ્વારા સૌને એકઠા કરી મંગલ આનંદ મેળવવાના શ્રી કેતન માંકડના અનુકરણીય કદમને બીરદાવેલ.

ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયામાં કાર્યરત શ્રી વિભાકર અંજારીયાને વર્ગ-૨ ઓફીસર તરીકે બઢતી મળતાં રાજકોટ ખાતે જ મેનેજર-એકાઉન્ટસ એન્ડ એડમીન. તરીકેનો કાર્યભાર સંભાળ્યો. આ ઉપરાંત તેઓ એફસીઆઇના એકમાત્ર ઓલ ઈન્ડીયા નેશ. ટ્રેડ યુનીયનના ઝોનલ વાઇસ પ્રેસીડન્ટ તથા ગુજરાત રીજીયનના સિનીયર એડી. સેક્રેટરી તરીકે બે વર્ષ માટે સર્વાનુમતે ચૂંટાય આવ્યા. છેલ્લા ૩૫ વર્ષથી સ્ટાફ વેલ્ફેરની પ્રવૃત્તિમાં સક્રીય રહેલ છે.

જાણીતા તબલાવાદક કેયુર અશોક પોટા કથામાં લંડન જઈ આવ્યા બાદ ફરીવાર રાજકોટના પરાગ અને છાયા વછરાજાનીના ગૃપમાં નવરાત્રિ દરમિયાન રાસગરબાની રમઝટ બોલાવવા લંડન જઈ આવ્યા.

રોટરી કલબ સંચાલિત સ્વાશ્રય સંકૂલ દ્વારા યોજાયેલ ગરબા, દાંડીયા, આરતિ સુશોભન સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી ફોરમ નિમીત વસાવડાએ સેવા આપી. જે બદલ તેમને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યાં.

નિસર્ગ મુકેશભાઈ છાયા L&T માં વડોદરા ખાતે EHS ઓફીસર તરીકે જોડાયા.

વિશાલ કૌશીકભાઈ છાયા ઈડીપી એકઝીકીટીવ તરીકે ક્રિસ્ટલ કૂકવેર એન્ડ સર્વિસમાં જોડાયા.

કુ. કૈરવી દુર્ગેશ વૈષ્ણવ બી.એસસી. (આઈટી) સેમેસ્ટર-૫ માં ૮૮% સાથે કોલેજમાં સતત ત્રીજું સ્થાન મેળવી ઉતીર્ણ થયાં.

**ગોંડલ :** જામવાળી ખાતે નવરાત્રિની રાસ ગરબા હરિફાઈમાં કુ. ખુશાલી અમીત વૈશ્નવે નિર્ણાયક તરીકે સેવા આપી.

નવરાત્રિ દરમ્યાન જ્ઞાતિજનોને ઘેર ઘેર માતાજીના ગરબા સ્તવનથી સૌ ભકિતભાવે ભીંજાયા. તા. ૧૯/૧૦ના રોજ રાજકોટ ખાતે હોબીસેન્ટર ખાતેના સમૂહ સ્થાપનમાં અત્રેના હાટકેશ વૃંદે ગરબાની

રમઝટ બોલાવી. શરદપૂનમના રોજ રશ્મિંદાબેન બુચના નિવાસસ્થાને સૌએ સાથે મળી રાસગરબા અલ્પાહાર સાથે દૂધપૌવાનો આનંદ માણ્યો.

નૂતન વર્ષ નિમિત્તે તા. ૧૪/૧૧ના રોજ સૌ જ્ઞાતિજનો હાટકેશ્વર મંદિરે સવારે ૭:૩૦ વાગ્યે એકઠા થઈ દાદાની આરતી કરી પરસ્પર નૂતન વર્ષની શુભેચ્છા સાથે મીઠું મોઢું કરી દાદાના આશિર્વાદ લઈ છૂટા પડયા હતા.

**જામખંભાળિયા :** અત્રેની લાયનેસ કલબ દ્વારા" બેટી બચાવો બેટી વધાવો " કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેના પ્રોજેકટ ચેરમેન તરીકે શ્રીમતી યાત્રી ટી. બુચે આયોજનની સંપૂર્ણ જવાબદારી નિભાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

જિજ્ઞાસુ કે. માંકડ જામનગર ખાતે સીએમએસ ઓફિસમાં નિમાયા.

અત્રેના ગૌરાંગભાઈ પોટાના પુત્ર હર્ષિત તથા ધ્વનીતને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

**ભાવનગર :** શ્રી સત્યસાંઈ સેવા સમિતિની સ્થાનિક શાખા દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ઉલ્લેખનીય પ્રદાન આપનાર યુવાનોને સન્માનિત કરવાના કાર્યક્રમમાં અત્રેના શતકવીર રકતદાતા શ્રી જયેશ કે. અંતાણીએ મુખ્ય મહેમાનપદ શોભાવી તેમના વરદ હસ્તે યુવાનોનું બહુમાન કરાયું. સમિતિ તરફથી જયેશભાઈનું પુષ્પગુચ્છ અને ભગવાન સત્યસાંઈના પવિત્ર પુસ્તક દ્વારા આભાર વ્યકત કરાયો.

**વાપી :** કૃષ્ણા ઈન્ટરનેશનલ સ્કૂલમાં ફરજ બજાવતાં શ્રીમતી રૂપા હસિત અંજારીયાને વલસાડ જિલ્લાની શાળામાં " બેસ્ટ ટીચર" તરીકેનો એવોર્ડ મળ્યો.

**મુંબઈ :** ભાવનગરના સ્વ. ચુનીલાલ પ્રભાશંકર મહેતા પરિવારનું સ્નેહમિલન તા. ૧૩-૧૧ ના રોજ અંધેરીની વૃંદાવન હોટલમાં યોજાઈ ગયું. સમયનો અભાવ અને ટ્રાફિકની સમસ્યા ધ્યાનમાં લઈ આ સ્તુત્ય મિલનોત્સવ માં ચાર પેઢીના બાળકોથી ૮૭ વર્ષ સુધીના ૫૦ સભ્યો હાજર રહેલ. આ પ્રસંગે કુટુંબના કવિશ્રી નિતીન મહેતાએ " મહેતા પરિવાર" ઉપર લખેલ "અમે પંખી એક ડાળના" કાવ્યનું પઠન કર્યુ હતું. શ્રી સિધ્ધાર્થભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચન અને દુર્ગેશભાઈ મહેતાએ આભારદર્શન કર્યુ હતું. પ્રિતીભોજન લઈ સૌ છુટા પડયા હતા.

**ઈંદોર :** મલય જીકાર સપરિવાર મલેશીયા-સીંગાપુરના પ્રવાસે જઈ આવ્યા.

હિમાંશુ જીકાર સપરિવાર વૈશ્નવીદેવી, કાશ્મીરના પ્રવાસે જઈ આવ્યા.

**જૂનાગઢ :** શ્રી ચિંતન હરીશભાઈ વૈષ્ણવ સીટી મામલતદાર તરીકે મહેસાણા બદલાયા.

તૃષાન્ત દે. જોષીપુરા ICICI બેંકમાં અમદાવાદ ખાતે સેલ્સ હેડ તરીકે જોડાયા.

કુ. ત્વરા પાઠક બી.સી.એ.ના પાંચમા સેમેસ્ટરમાં ૭૨% સાથે ઉત્તીર્ણ થયાં.

**ઉના :** અત્રેના સ્વ. મોહનલાલ વજેશંકર વોરા પરિવારનો કુટુંબમેળો તા. ૧૪થી ૧૮ નવેમ્બર દરમ્યાન જૂનાગઢના પ્રકૃતિધામ ખાતે જનકભાઈ વોરાના માર્ગદર્શન હેઠળ યોજાય ગયો.જેમાં દરરોજ વિધવિધ નાસ્તા અને ભોજન સાથે કુટુંબના વરિષ્ઠ વડીલોનું સન્માન, માઈમંદિરના ગરબા, અંતાક્ષરી ઉપરાંત જૂનાગઢના જોવાલાયક સ્થળોની મુલાકાત, ગિરનાર આરોહણ-અવરોહણ જેવાં આયોજન થયાં હતાં.

**પોરબંદર :** અત્રેના મુ. દિનકરરાય ડી. વૈશ્નવે ૯૯ વર્ષમાં પ્રવેશ કરતાં પરિવારજનો-સ્નેહીજનોએ જન્મદિવસની ઉજવણી કરી. સમતોલ આહાર સાથે નિયમીતતા, સમયપાલન, આનંદી સ્વભાવ સાથે અનુશાસન થકી આજીવન રોગમુકત રહી આજે પણ સ્ફૂર્તિલા રહેનાર દિનકરભાઈએ સૌને મૂક શીખ સાથે સૌને આશિર્વાદ પાઠવેલ.

**અનંતના યાત્રીઓ :**

– અરવિંદાબેન અશ્વિનભાઈ છાયાનું લંડન ખાતે. હેમન્ત હરપ્રસાદ છાયા–૭૪ વર્ષ–અમદાવાદ ખાતે. શ્રીદેવીબેન અરૂણભાઈ રીંડાણી–૭૩ વર્ષ– વડોદરા ખાતે. ઇન્દીરાબેન બી. ધોળકિયા–૮૮ વર્ષ– વડોદરા ખાતે. ગં. સ્વ. કનકલતા મ. વૈશ્નવનું –૮૪ વર્ષ – વડોદરા ખાતે. ચંદ્રકાન્તભાઈ જયંતીલાલ દેસાઈનું ૯૨ વર્ષની વયે સુરેન્દ્રનગર ખાતે. ગં. સ્વ. કલ્પલતાબેન (કાન્તાબેન) ગજેન્દ્રલાલ બક્ષીનું –૮૯ વર્ષે –રાજકોટ ખાતે. પ્રજ્ઞાબેન હરસુખભાઈ ઝાલાનું – ૭૨ વર્ષ – રાજકોટ ખાતે. – સુખવંતરાય ઝાલાનું રાજકોટ ખાતે. ગં. સ્વ. પ્રજ્ઞાબેન રવિન્દ્રભાઈ રીંડાણીનું રાજકોટ ખાતે અવસાન દેહદાન કર્યું – ભારતીબેન(ધનુબેન) કનકરાય વસાવડા –૮૪ વર્ષ – જામનગર ખાતે. ઉદયલતાબેન રજનીકાન્ત ઓઝા –૮૮ વર્ષ – મુંબઈ ખાતે. ભારતીબેન જનાર્દનભાઈ અંજારીયાનું –૮૦ વર્ષ – અમદાવાદ ખાતે. મનોરમાબેન સતીષભાઈ દેસાઈ –૮૭ વર્ષ –મુંબઈ ખાતે. શ્રીમતી કનકલતાબેન મધુસુદનભાઈ વૈશ્નવ –૮૪ વર્ષ– વડોદરા. હસ્તિન ઉર્વિશભાઈ શુકલ અમદાવાદ ખાતે યુવાન વયે અવસાન. શ્રીમતી વત્સલાબેન દિનેશભાઈ અંતાણી –૬૨ વર્ષ–મોરબી ખાતે. શ્રીમતી રમણબાળાબેન બાલુભાઈ જોષીપુરા –૯૨ વર્ષ– જામનગર ખાતે. શ્રીમતી હંસાબેન મધુસુદન વૈદ્ય –૭૧ વર્ષ –જુનાગઢ ખાતે. શ્રીમતી વીણાબેન મહર્ષિકાન્ત વછરાજાની –૬૯ વર્ષ –વડોદરા ખાતે. ધ્રુવાબેન સુકેતભાઈ ધોળકિયા –૫૩ વર્ષ – પ્રસન્નલતાબેન શરદચંદ્ર ઓઝાનું અમદાવાદ ખાતે અવસાન.

## પૂ. મા. ઉછરંગબાળાબેન યશવંતરાય મારૂની વિદાય



પૂ. મા ઉછરંગબાળા બેન વિશે તેમના શતમ વર્ષ પ્રવેશ સમયે થોડી જીવન ઝરમર 'કલમ કડછી બરછી'ના ડીસે. ૨૦૧૧ના અંકમાં પ્રકાશિત કરેલ પરંતુ તેઓએ સો વર્ષ પૂરા કરવાના આરે આવીને ઓચિતાની આ ફાની દુનિયામાંથી તા. ૨૦–૧૦–૨૦૧૨ના રોજ ચિર વિદાય લઈ લીધી. તેમની કુટુંબ વાત્સલ્યતા, સંસ્કારીતા, કર્તવ્ય પરાયણતા,ખુમારી તેમજ જીવન મૂલ્યોની ઊંડી સમજ અને પાલન કરવા તથા કરાવવાની ધગશ અનેરી હતી તો તેઓએ જીવનની અનેક દાયકાઓની તડકી છાંયડીઓ જોવાથી વ્યવહારીક કુશળતા સાથે તેઓ રામકૃષ્ણ મિશનના તથા બાવીસી મા ના ઉપાસક હોવાથી આધ્યાત્મિક વિચારોનો પણ સમન્વય હતો. તેઓ હમેંશા સૌના થઈને રહયાં અને દરેકને પોતાના બનાવ્યાં. આવું અત્યંત ઉમદા વ્યકિતત્વ ધરાવતાં ઉછરંગબાળાબેનને નમ્રતાપૂર્વક વંદન સાથે તેમની જીવનશૈલી અપનાવવા પ્રયત્ન કરીએ એ જ સાચી સ્મરણાંજલિ આપી ગણાશે.

**મંતવ્ય :** આપણી જ્ઞાતિની બહેનો ઘર–ગૃહસ્થી સાથે નવરાશની પળોમાં અનેકવિધ પ્રવૃતિઓ, વેસ્ટમાંથી બેસ્ટ ભરત ગૂંથણ, વુડન રંગોળી, માચી વર્ક, પેન્ટીંગ, ગરબા ડેકોરેશન જેવી કલાકારીગીરી કરતી હોય છે. પરંતુ આજે પોતાની કલા પ્રદર્શિત કરવાની તક કે યોગ્ય મંચ મળતો નથી તેથી જ્ઞાતિજનો અજાણ રહે છે. મારી બરછીના માધ્યમ દ્વારા અપીલ છે કે રાજકોટ તથા અન્ય શહેરોમા સંસ્થાઓ દ્વારા દીપોત્સવી કાર્યક્રમો યોજાતા હોય તેના ભાગરૂપે એક દિવસ આવા કલાકારોની કલાના નમુનાઓનું પ્રદર્શન ગોઠવવામાં આવે તો કલા દર્શાવવાનો અને સૌને તે જોવાનો લાભ મળી શકે અને આ દ્વારા પોતાને પ્રોત્સાહન તથા અન્ય સૌને આવી પ્રવૃતિની પ્રેરણા પણ મળશે.

– શ્રીમતી ભાવના કિરિટભાઈ માંકડ, રાજકોટ.

## કવીઝના જવાબ મોકલનાર જ્ઞાતિજનોના નામ :

ગતાંકમાં મુનીભાઈ વસાવડા દ્વારા તૈયાર કરાયેલ કવીઝને જ્ઞાતિજનોએ વધાવી. ઘણા પોસ્ટકાર્ડ મળ્યાં પો. કા. છે અને લખવાની ટેવ પણ છે તે ખુશીની વાત છે. મુનીભાઈ તથા સૌના ધન્યવાદ સાથે સહર્ષ નોંધ પણ લેવી ઘટે કે જ્ઞાતિની પ્રણાલી મુજબ માતા-પિતા તથા વડીલો બાળકો, કિશોરોમાં રસ લઈ પ્રોત્સાહીત કરી રહયા છે તેમ પત્ર પરથી જણાય છે, તો આવી કવીઝ અવારનવાર આપવા સૂચન પણ કરેલ છે. આ સાથે સાચા જવાબ અત્રે રજૂ કરી પોસ્ટકાર્ડ લખી મોકલનાર (અમને પોસ્ટ ખાતા તરફથી તા. ૧૫/૧૨ સુધીમાં જેટલાં મળ્યાં છે તેટલાં !! )ના નામ અત્રે પ્રસિધ્ધ કરીએ છીએ. ૩ નં.ના પ્રશ્નમાં ૨૪ અગીયારસ સાચો છે જે જવાબમાં આપેલ જ નહતો તેથી અધિક માસની સ્પષ્ટતા સાથે પણ ઘણાએ જવાબ આપ્યા છે... છબરડા યુનિવર્સિટી, બોર્ડમાં કે ચૂંટણીમાં પણ થતા હોય તો બરછીમાં કયારેક થાયને ? ૯મો પ્રશ્ન અમે (બરછી)એ ૭૦થી ઉપરની ઉંમરના વડીલો પાસેથી જવાબ જાણવા ઉમેરેલ. જે જવાબ આવેલ નથી તેથી અત્યારે ૧૯૬૨ સાચો જવાબને 'ફુલમાર્કસ' આપીએ છીએ પરંતુ સાચો જવાબ જુદો છે જેની સ્પષ્ટતા સ્થળ સંકોચને કારણે કયારેક કરીશું.

૧. શ્રીમતી રીટા હર્ષિતભાઈ જોષીપુરા – જૂનાગઢ
૨. અવધ મહેશભાઈ માંકડ – રાજકોટ
૩. નિસર્ગ કે. છાયા – અમદાવાદ
૪. શ્રીમતી હેમાંગિની શૈલેષ સ્વાદિયા – જામનગર
૫. તર્જની તુષારભાઈ માંકડ – જામનગર
૬. રક્ષેશ મજમુદાર – જામનગર
૭. જનાર્દન લ. ધોળકિયા – જૂનાગઢ
૮. ધ્રુવિત ભવજીતભાઈ વસાવડા – ભાવનગર
૯. શ્રીમતી મિનાક્ષી એમ. દેસાઈ – રાજકોટ
૧૦. નિસર્ગ દર્પણ બુચ – ગાંધીનગર
૧૧. વિશાખાબેન ઉમાંકાન્ત મંકોડી – અમદાવાદ
૧૨. રેણુકાબેન ઝાલા – અમદાવાદ
૧૩. કપિલા વી. વૈદ્ય – વલસાડ
૧૪. મુમુક્ષા બી. ધોળકિયા (ધો.૪) વડોદરા
૧૫. નયન ન. કચ્છી – જૂનાગઢ
૧૬. શ્રીમતી મેઘલબેન એમ. હાથી – જૂનાગઢ
૧૭. શ્રીમતી રક્ષા અશોક પોટા – રાજકોટ
૧૮. રજનીકાંત એમ. બુચ – જામખંભાળીયા
૧૯. જ્યોત્સનાબેન જીકાર – વડોદરા
૨૦. અનીલ વોરા – વડોદરા
૨૧. શ્રીમતી આશા દિ. પોટા – રાજકોટ
૨૨. તૃપ્તિબેન સુધીરભાઈ જીકાર – વડોદરા
૨૩. મયંક સનતકુમાર વૈશ્નવ – અમદાવાદ
૨૪. પૂજા એમ. વૈશ્નવ – અમદાવાદ
૨૫. નંદિની એસ. વૈશ્નવ – અમદાવાદ
૨૬. જયેશ હિના પ્રતિક અંતાણી – ભાવનગર
૨૭. મનીષા દેવેન્દ્ર અંજારીયા – મુંબઈ
૨૮. મંગળપ્રસાદ ડી. બુચ – વડોદરા
૨૯. ન્યુટન બી. નાણાવટી – અમદાવાદ
૩૦. આશા મ. દેસાઈ – વડોદરા
૩૧. દિપ્તીબેન જગદીશભાઈ નાણાવટી – આણંદ
૩૨. નીલમબેન ભૂપેન્દ્રભાઈ વૈશ્નવ- ભાવનગર
૩૩. શ્રીમતી વંદના નિષેન્દુ વૈદ્ય – વેરાવળ
૩૪. સનતકુમાર વિ. વૈશ્નવ – અમદાવાદ
૩૫. કમલેશ ધનસુખરાય ધોળકિયા – વડોદરા
૩૬. મીનાક્ષી જ્યોતિન્દ્રકુમાર ધોળકિયા – જૂનાગઢ
૩૭. ભાલચંદ્ર બી. માંકડ – વડોદરા
૩૮. તુલન ઉત્કલ વૈશ્નવ – રાજકોટ
૩૯. ક્ષિતિ દિવ્યાંશુ વૈશ્નવ – જૂનાગઢ
૪૦. દિનેશ બી. વૈદ્ય – વેરાવળ
૪૧. અપેક્ષા ગજેન્દ્રભાઈ છાયા – જામખંભાળીયા
૪૨. અપર્ણા કલ્પેશ પંડયા – રાજકોટ
૪૩. વંદના એન. ઢેબર – મુંબઈ
૪૪. હેત્વી ભાવેશ બુચ – રાજકોટ
૪૫. ભાર્ગવી જ્યોતિષ જોષીપુરા – મુંબઈ
૪૬. ધ્વનિ એ. માંકડ – ખંભાળીયા
૪૭. બીપીનભાઈ કિકાણી – અમદાવાદ
૪૮. કુંજન રાજેશભાઈ બક્ષી – રાજકોટ
૪૯. શ્રુતિ યુ. બુચ – જામનગર

# ––– લગ્ન વિષયક જાહેરાત –––

કાગળ પેન તૈયાર રાખી ફોન : ૦૨૮૧– ૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી આપને જે ક્રમનંબરના પાત્ર માટે ફોન નંબર જોઈતા હોય તેનો ક્રમ નંબર કહેવાથી તે ફોન/મો. નંબર આપવામાં આવશે. ત્યારબાદ આપે તે નંબર ઉપર સીધો સંપર્ક કરી વધારે / પૂરી માહિતી મેળવી લેવાની રહેશે.

આપના સંતાનો માટે બરછીમાં લગ્નવિષયક જાહેરાત આપવાની ઈચ્છા ધરાવતા જ્ઞાતિજનોએ સંતાનની વિગત (બાયોડેટા) નામ સરનામા, ફોન–મો. નંબર સાથે લખી ટપાલ કે કુરીઅરથી કાર્યાલયના સરનામે મોકલવાનો રહે છે. આ વિગત ફોન ઉપર લખવામાં આવતી નથી. જાહેરાત વિના મૂલ્યે પ્રકાશિત કરવામાં આવે છે. –તંત્રી.

૧ ) બી.કોમ., બી.એસ.(યુ.એસ.એ.) જ.૧૨/ ૧૯૮૩, ઉંચાઈ ૬'' યુએસએમાં નોકરી કરતા ગ્રીનકાર્ડ હોલ્ડર યુવકને કન્યા. સંપર્કઃ- ૦૭૯ –

૨) બી.કોમ., જ. ૧૦ /૧૯૮૪ સંદેશ દૈનિકમાં એડ. એકઝીક્યુટીવ તરીકે કાયમી નોકરી કરતા ના.બ્રાહ્મણ યુવકને કન્યા સંપર્ક :- ૦૨૮૧ –

૩) યુ.એસ. માં એમ.એસ.નો અભ્યાસ કરતી જ. ૧૦/૧૯૮૬ ૫'.૫'' ઉંચાઈની વ.ના. ઈજનેર કન્યાને યુએસએ સ્થિત યુવક. સંપર્ક ૦૭૯ મો.

૪ ) એમ.કોમ., એમબીએ, જ. ૨ /૧૯૮૩ ઉંચાઈ ૫'.૪'' રાજકોટ ખાતે આરએનએસબી બેંકમાં આસી. બ્રાંન્ચ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧ –

૫ ) બી.કોમ. જ. ૩/૧૯૮૧ ઉંચાઈ ૫'.૧૦'' પ્રા. કંપનીમા નોકરી કરતા મંગળદોષી યુવકને કન્યા સંપર્કઃ ૦૨૮૩૨- મો.

૬) એમ.એ., બી.એડ. જ. ૩/૧૯૮૦ ઉંચાઈ ૫'.૪'' નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક :- વાપી મો.

૭ ) એમ. એ. જ. ૪/૧૯૮૭ સરકારી શિક્ષિકા તરીકે નોકરી કરતી કન્યાને યુવક સંપર્કઃ- ૦૨૮૩૩ મો.

૮ ) એમ.એસ.સી. (કેમેસ્ટ્રી) બી.એડ. જ. ૧૯૮૯, કોલેજમાં કાયમી નોકરી કરતી કન્યાને યુવક. સંપર્કઃ- ૦૨૭૫૨ –

૯ ) એરોનેટીક એન્જીનીયર જ. ૧૯૮૬, ઉંચાઈ ૬' નેવીમાં સબલેફ્ટનન્ટ પ્રોફેસર તરીકે ઉચ્ચ પગારથી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧ –

૧૦) બી.ઈ. (ઈ સી) જ. ૧૯૮૨, નિરમા ઇન્સ્ટીમાં પ્રોફેસર તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્કઃ- ૦૭૯–

૧૧) ધો. ૧૨ પછી આયુર્વેદ ફાર્મસી ડીપ્લોમા કરેલ જ. તા ૧૦/૧૯૮૭, રાજકોટ ખાતે મોબાઈલ રીપેરીંગ સેલીંગનો સ્વતંત્ર વ્યવસાય કરતા ના.બ્રા. યુવકને કન્યા. ૦૨૮૨૦ –

૧૨) બી.કોમ. પીજીડીએમ , જ. ૯/૧૯૮૬ ઉંચાઈ ૫'૩''ની કન્યાને યુવક સંપર્ક :- ૦૭૯ – મો.

**<u>ગતાંકની સામાન્ય જ્ઞાન કસોટી – કવીઝના સાચા જવાબ :</u>**

(૧) ૨૦૬૯ (૨) જ્વેલરી (૩) ૧૨ (૪) નવરાત્રિ (૫) ભાવનગર (૬) બે વર્ષ બાદ (દર ત્રીજે વર્ષે) (૭) આસો સુદ પૂનમ (૮) ૨૪ (૯) ૧૯૫૭ (૧૦) તુલા (૧૧) જૂનાગઢ (૧૨) વડનગર (૧૩) પશ્ચિમ ભારત (૧૪) ૪ (૧૫) શ્રી રામ

## શ્રી પાટોત્સવ સમિતિના ઉપક્રમે સમૂહ નવરાત્રિ સ્થાપન થયું

રાજકોટ ખાતે તા. ૧૬ થી ૨૩ ઓકટોબર દરમિયાન હોબીસેન્ટર ખાતે શ્રી પાટોત્સવ સમિતિના નેજા હેઠળ સમુહ નવરાત્રિ ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું. રવાડીથી માંડી દર્શન આરતી ગરબા તથા હવન નૈવેદ્ય સુધી ઉત્સાહપુર્વક જ્ઞાતિજનોએ લાભ લીધેલ. દરરોજ સ્થાનિક તેમજ જુનાગઢ, ગોંડલના વૃંન્દના ગરબાની રમઝટ જામતી હતી. તો બીજે નોરતે સમૂહ આરતીનો ૫૦૦થી વધુ જ્ઞાતિજનોએ લાભ લીધેલ. હવાષ્ટમીના રોજ પાંચ યુગલો હવનમાં બેઠા હતા સાંજે ૫ વાગ્યે બીંડું હોમાયા બાદ શક્રાદય આરતી પ્રસાદ લઈ સૌ વિખરાયા હતા. નોમના નૈવેદ્ય બાદ માતાજીને વિદાય આપવામાં આવેલ.

સિનીયર સીટીઝન્સ અને મુખ્યત્વે એકમાત્ર યુવા સ્વયંસેવકની જહેમતથી આયોજન સફળ બની રહે છે.

## અ. ભા. ના. પરિષદ રાજકોટના ઉપક્રમે શરદોત્સવની રંગારંગ ઊજવણી

અખિલ ભારતીય નાગર પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે શરદોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત શરદપૂનમના રોજ નાગર બોર્ડીગના પટાંગણમાં પ્રસિધ્ધ કલાકારો જુનાગઢ ના નાણાવટી બ્રધર્સના મખમલી અવાજમાં સુગમ અને ફિલ્મીગીતો પર સૂરસંગીતમય ગરબાની લાઈટસ સાઉન્ડ, બેઠકની સુંદર વ્યવસ્થામાં જ્ઞાતિજનોએ ભરપૂર મોજ માણી. સુંદર મનભાવન રીતે સજજ થઈને આવેલ ભૂલકાંઓ, યુવાનો સાથે અબાલ વૃધ્ધો પણ મન ભરી ગરબે ઘૂમ્યા હતા. વેલડ્રેસ, બેસ્ટ ગરબા જેવાં અનેક ઈનામો અપાયેલ. કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવ તથા ચેતન છાયાએ ઉદઘોષક તરીકે અને નિર્ણાયકો તરીકે રિધ્ધિબેન ધોળકીયા, રૂપાબેન છાયા અને શ્રીમતી મહેતાએ સેવા આપી હતી.

શરદોત્સવના ભાગરૂપે વાનગી, રંગોળી, કેશગૂંફન, સાડી પરિધાન જેવી વિવિધ હરીફાઈઓ પણ યોજવામાં આવી હતી. જેમાં પણ બહેનોએ અનન્ય ઉત્સાહ સાથે ભાગ લીધેલ. ત્રણ ઇનામો ઉપરાંત ભાગ લેનાર દરેકને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવેલ.

એક દિવસ શ્રી સમીર પોટા તથા મિલન ત્રિવેદીનો "હાસ્ય દરબાર" પણ યોજાયો. જેનું સંચાલન અનિષ કચ્છીએ સંભાળેલ. આ કાર્યક્રમમાં ૮-૧૦ જ્ઞાતિ સંસ્થાઓ (છતાં પાંખી હાજરી વચ્ચે)દ્વારા શ્રી અતુલભાઈ મહેતાનું "લીમ્કા બુક"માં સ્થાન મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

ઉત્સવનું સમાપન તા. ૨૮-૧૧ના રોજ ઔપચારિક રીતે નૂતન વર્ષનાં સ્નેહ મિલનથી થયેલ જેમાં પરસ્પર શુભેચ્છા પાઠવી સૌએ આઈસક્રીમને ન્યાય આપ્યો હતો.

કેટલાક ઉત્સાહી યુવાનો અને મુખ્ય તો ૫૦ થી ૭૫ ના જ્ઞાતિજનો-વડીલો સક્રિય છે ત્યાં સુધી જ્ઞાતિને વિવિધ પ્રવૃતિનો લાભ મળશે તે નિશંક છે. શ્રી જે.ટી. બક્ષી તથા સહ કાર્યકરોની જહેમતની જય હો..!

## ડો. પુલક્તિ બક્ષી



રાજકોટના યુવા તબીબ ડો. પુલકીત પી. બક્ષીએ સચોટ નિદાન દ્વારા ટુંકાગાળામાં લોકચાહના મેળવીને (રેલનગર મેઈન રોડ,પોપટપરા ઉપરના રામેશ્વર પાર્ક ૧/એ)ખાતેના પોતાના હનુમંત કલીનીક ને તે જ કોમ્પ્લેક્ષમાં અદ્યતન બનાવી નવપ્રસ્થાન કર્યું.ડો. પુલકીત બક્ષીના માતા પિતા પ્રમોદભાઈ અને ગીતાબેન ઉના પંથકમાં શિક્ષણ અને સમાજસેવા તથા સાંસ્કૃતિક ક્ષેત્રમાં પોતાનું પ્રદાન આપી ચૂકયાં છે. દાદા અને કાકાનો તબીબી વારસો સાચવનાર ડો. પુલકીત બક્ષી દરરોજ ૧ કલાક માત્ર આયુવેર્દીક નિદાન સલાહ વ્યાજબી ફી સાથે શરૂ કરવાની નેમ ધરાવે છે.